**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં, (વેરાવળ) ગીર સોમનાથ .**

## FORM–A

| | |
|---|---|
| ક્રિમીનલ કેસ ક્રમાંક:– | ૩૦૬૯/૨૦૨૪ |
| આંક:– | 41 |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક:– | ખાનગી ફરીયાદ પરથી દાખલ થયેલ કેસ |
| ફરિયાદી:– | માનસીંગભાઈ ઉકાભાઈ પરમાર |
| ફરિયાદપક્ષે:– | વિદ્વાન વકીલશ્રી પી.ડી.ધોળીયા |
| આરોપી:– | હારૂનભાઈ અબ્દુલકરીમ નાખવા,<br>રહે. વેરાવળ, ઠે. બારકોટ જુની મામલતદાર ઓફીસ,<br>વેરાવળ, તા.વેરાવળ, જી.ગીર–સોમનાથ. |
| બચાવપક્ષે:– | વિદ્વાન વકીલશ્રી એસ.એન.સવાણી |

## FORM–B

| | |
|---|---|
| ફરીયાદ દાખલ તારીખ:– | ૨૭.૧૨.૨૦૨૪ |
| પ્લી નોંધ્યાની તારીખ:– | ૨૫.૦૪.૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ:– | ૨૫.૦૪.૨૦૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:– | ૨૪.૦૭.૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:– | ૨૭.૦૭.૨૦૨૬ |
| આખરી હુકમ:– | નિર્દોષ |

**:– આરોપીની વિગતો:–**

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | હારૂનભાઈ અબ્દુલકરીમ નાખવા | લાગુ પડતુ | લાગુ પડતુ | ધી નેગો. ઈન્સ્ટુ. | નિર્દોષ | – | –– |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નથી. | નથી. | એકટની કલમ-૧૩૮ | | | |

# FORM-C

## -: ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી તથા આંક :-

### (એ). ફરીયાદ પક્ષ.

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| આંક-૫ | માનસીંગભાઈ ઉકાભાઈ પરમાર | ફરીયાદીનો પુરાવો |

### (બી). બચાવ પક્ષ.

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| - | - | - |

### (સી).અદાલત દ્વારા.

| **અનું.નં.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| - | કોઈ સાહેદ તપાસેલ નથી. | - |

## :- ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના દસ્તાવેજોના આંકની સુચી -:

### (એ). ફરીયાદ પક્ષ.

| **અનું.નં.** | **આંક નંબર** | **વિગત** |
|---|---|---|
| ૧. | ૧ | ફરિયાદ. |
| ૨. | ૨૭ | ફરિયાદવાળો ચેક અસલ. |
| ૩. | ૨૮ | ચેક પરત ફર્યાનો રીર્ટન મેમો અસલ. |
| ૪. | ૨૯ | આરોપીને આપેલ ડીમાન્ડ નોટીસ ઓ.સી. |
| ૫. | ૩૦ | નોટીસ આપ્યા બદલની વિન્ડો સ્લીપ અસલ. |
| ૬. | ૩૧ | નોટીસ અનકલેઈપના શેરા સાથે આવેલ ઓરીજનલ કવર. |

**(બી). બચાવ પક્ષ.**

| અનું.નં. | આંક નંબર | વિગત |
|---|---|---|
| ૧. | ૨૫, ૨૬ | પ્રોમીસરી નોટ ઝેરોક્ષ. |

(સી). અદાલત દ્વારા બીજા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી.

(ડી). ભૌતિક પદાર્થ કબ્જે કરવામાં આવેલ નથી.

**જજમેન્ટ**

ચેક નંબર :– ૪૦૦૬૧૬.

ચેકની તારીખ :– ૨૪/૧૦/૨૦૨૪

ચેકના ડ્રોઅર :– હારૂન અબ્દુલકરીમ

ચેકના પેયી :– માનસીંગભાઈ ઉકાભાઈ પરમાર

ચેકની રકમ :– ૨,૦૦,૦૦૦/–

ફરીયાદીની બેંકનું નામ તથા બ્રાન્ચ નુ સરનામું(હકુમત માટે) :–
ધી વેરાવળ મર્કેન્ટાઈડ કો.ઓ.બેંક રોયન બ્રાંચ વેરાવળ શાખા.

આરોપીની બેંકનું નામ તથા બ્રાન્ચ નુ સરનામું (હકુમત માટે) :–
આઈ.ડી.બી.આઈ.બેંક અક્ષર કોમ્પલેક્ષ એસ.ટી.સ્ટેન્ડ લીલાશાહ નગર વેરાવળ.

ચેક બેંકમાં ભર્યા તારીખ :– ૨૫/૧૦/૨૦૨૪ (રીર્ટન મેમો આધારે)

ચેક રીટર્ન તારીખ (રીટર્ન મેમા આધારે) :– ૨૫/૧૦/૨૦૨૪

ચેક રીટર્ન કારણ (રીટર્ન મેમા આધારે) : અપુરતા ભંડોળ

ડીમાન્ડ નોટીસ રજી.એડી. કર્યા તારીખ (રજી.એડી. પહોંચ આધારે–નોટીસ ની સમય મયાર્દા ચેક કરવા) :– ૦૮/૧૧/૨૦૨૪

ડીમાન્ડ નોટીસ બજવણી તારીખ (ફરીયાદની સમય મર્યાદા ચેક કરવા):–
અનકેલઈપ ના શેરા સાથે પરત ફરેલ

ડીમાન્ડ નોટીસમાં માંગણી કરેલી રકમ અને તેના માટે આપેલી મુદત :–

૨ ,૦૦,૦૦૦/– (પંદર દિવસ–નોટીસ બજવણી તારીખ થી)

ફરીયાદ દાખલ તારીખ :– ૨૭/૧૨/૨૦૨૪

**<u>મુળ ફરિયાદની મહત્વની હકિકતો સંક્ષિપ્ત/સારાંશમાં :</u>**

(૧) ફરિયાદી ખેતી તેમજ નોકરી કરી તેઓનું તથા તેઓના પરીવારનું ગુજરાન ચલાવે છે. આરોપી વેરાવળ મુકામે રહે છે અને વિકાસ પ્રોવીઝન સ્ટોર નામની દુકાન ધરાવે છે. ફરિયાદી આરોપીના પ્રોવીઝન સ્ટોર પરથી વર્ષોથી માલસામાન લેતા હોય જેથી ફરિયાદી અને આરોપી વચ્ચે ગાઢ મિત્રતા થતા આરોપીએ ફરિયાદીને વાત કરેલ કે મારે દીકરા દીકરીના લગ્ન કરવાના હોય જેથી ફરિયાદીએ મિત્રતાના નાતે આરોપીની દીકરા દીકરીના લગ્ન થઈ જાય તેવા શુભ હેતુ માટે હાથઉછીના રૂ.૨,૦૦,૦૦૦/– અંકે રૂપિયા બે લાખ પુરા આરોપીને આજથી ૧ વર્ષ પહેલા પોતાના પરીવારના અંગત ખર્ચ કરવા માટેની બચતમાંથી રોકડા હાથઉછીના નાણા આરોપીને ફરિયાદીએ આપેલ. ત્યારબાદ ફરિયાદીએ આરોપીને આપેલ નાણાની ફરિયાદીને જરૂરીયાત ઉભી થતા ફરિયાદીએ આરોપીને ફોન કરી કહેલ કે હવે મને નાણાની વ્યવસ્થા કરી આપો જેથી આરોપીએ ફરિયાદીને તા.૨૪/૧૦/૨૦૨૪ ના રોજ ફોન કરીને કહેલ કે તમારા નાણાની વ્યવસ્થા થઈ ગયેલ છે જેથી તમો મારી દુકાને આવો તો તમોને તમારા નાણા પરત આપી દવ તેવું આરોપીએ ફરિયાદીને જણાવેલ. જેથી આરોપીના કહેવા મુજબ ફરિયાદી તા.૨૪/૧૦/૨૦૨૪ ના રોજ આરોપીની આઈ.ડી.બી.આઈ.બેંક અક્ષર કોમ્પલેક્ષ એસ.ટી.સ્ટેન્ડ લીલાશાહ નગર વેરાવળ શાખાના ખાતાનો ચેક નં.૪૦૦૬૧૬ વાળો તારીખ ૨૪/૧૦/૨૦૨૪ નો ચેક આરોપીએ ફરિયાદીને આપેલ અને સદરહું ચેકમાં આરોપીએ ફરિયાદીની રૂબરૂમાં સહી તેમજ જરૂરી સંપુર્ણ વિગતો ભરી ફરિયાદીને આપેલ. સદરહું ચેક તા.૨૫/૧૦/૨૦૨૪ ના રોજ ફરિયાદીએ તેઓની બેંક ખાતા નં.૦૦૦૨૧૦૦૧૦૦૦૦૮૩૬૭ ની બ્રાંચ ધી વેરાવળ મર્કેન્ટાઈડ કો.ઓ.બેંક રોયન બ્રાંચ વેરાવળની શાખામાં તા.૨૫/૧૦/૨૪ ના રોજ સદરહું ચેક જમા અર્થે રજુ કરતા સદરહું ચેક તા.૨૫/૧૦/૨૦૨૪ ના રોજ અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ તે ચેક તથા રીર્ટન મેમો બ્રેકરે ફરિયાદીને આપેલ. જેથી ફરિયાદીએ તેઓના વકીલ મારફત તા.૦૮/૧૧/૨૦૨૪ ના રોજ એન.આઈ.એકટની જોગવાઈ મુજબ ડીમાન્ડ નોટીસ આપેલ જે ડીમાન્ડ નોટીસ તા.૧૮/૧૧/૨૦૨૪ ના રોજ અનકેલઈપના

શેરા સાથે પરત ફરેલ. આરોપીએ રકમ ચુકવેલી નહી. તેથી કારણ ઉપસ્થિત થતા ફરિયાદીનું બેન્ક એકાઉન્ટ આ અદાલતની સ્થાનીક હકુમતમાં હોય આ ફરિયાદ કરી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ સાથે વાંચતા ૧૪૨ મુજબનો આરોપીએ ગુનો કરેલ હોય જેથી આરોપી ૨ વર્ષની સજા કરવા તેમજ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ સાથે વાંચતા ૧૪૨ નો ભંગ કરેલ હોય તે બદલ બે વર્ષની સજા અને ચેકથી બમણી રકમનો દંડ કરવા તેમજ આરોપી પાસેથી વળતર રૂપે ફરિયાદીને ચેકથી બમણી રકમ વસુલ અપાવવા તેમજ કાયદાથી મળી શકતી સઘળી અને વિશેષ દાદ અપાવવા વિનંતી કરેલ છે.

(૨) આમ, ઉપરોકત હકીકતે આરોપીએ આજદિન સુધી ફરિયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ નથી. જેથી આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૮૮૧, (જેને સરળતા ખાતર હવે પછી આ ઠરાવમાં **"અધિનિયમ"** તરીકે સંબોધવામાં આવેલ છે.) ની કલમ–૧૩૮ તથા સાથે વાંચતા કલમ–૧૪૨ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય કરેલ હોવાથી હાલની ખાનગી ફરિયાદ નામદાર કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

(૩) સદરહુ ખાનગી ફરિયાદ બી.એન.એસ.એસ.–૨૦૨૩ ની કલમ–૨૨૩ અન્વયે અત્રેની અદાલતમાં રજુ થતાં તેની નોંધણી કરેલી. આરોપી સામે બી.એન.એસ.એસ.–૨૦૨૩ ની કલમ–૨૨૭ અન્વયે સમન્સ/પ્રોસેસ કાઢવામાં આવેલ હતા, જેની ધોરણસરની બજવણી થતા આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થતાં, ફરિયાદની તથા દસ્તાવેજોની નકલો વિના મુલ્યે આપી, આ કેસ સમન્સ ટ્રાયલની રીતે ચલાવવાનો હોય તે રીતે આરોપીની પ્લી (પ્રાથમિક નિવેદન) નોંધવામાં આવેલ હતી અને ત્યારબાદ તે રીતે પુરાવો નોંધી કાર્યવાહી ચલાવી લેવામાં આવી હતી. ટ્રાયલ દરમ્યાન આરોપી કસ્ટડી મુકત રહેલા છે.

(૪) આ કેસમાં પુરાવો નોંધ્યા બાદ રેકર્ડ આધારિત ફરિયાદપક્ષનો પુરાવો જોતાં આરોપીનું બી.એન.એસ.એસ.–૨૦૨૩ ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે અને તેમાં આરોપીએ જણાવેલ છે કે, "અમો તદ્ન નિર્દોષ છીએ. આ

કામના ફરિયાદી અમારી પાસે કોઈ રકમ માંગતા ન હોવા છતા ખોટો કેસ કરેલ છે. નિર્દોષ છોડી મુકવા અરજ છે."

**<u>ફરીયાદીની લેખીત દલીલ આંક-૪૦ નું સંક્ષિપ્તમાં વર્ણન-</u>**

(૫) ફરિયાદીના વિ.વકીલશ્રી દ્બારા આંક-૪૦ થી દલીલ કરેલ છે કે, ચેકને ચેલેન્જ કરેલ નથી, રકમ જમા કરાવવાની પુરસીસ આપેલી છે, કલમ-૧૩૮ ના તત્વો ફરિયાદીએ પુર્ણ કરેલા હોય કલમ-૧૩૯, ૧૧૮ (એ) અને ૧૧૯ ફરિયાદીની તરફેણમાં છે, રીબર્ટેબલ એવીડન્સ રજુ નથી, ઉલટતપાસમાં કોઈ શંકાસ્પદ હકીકત નોંધાઈ નથી, ફરિયાદી આર્થિક સધ્ધર હોય તેનો પુરાવો છે, કાયદેસર લેણું સાબીત કરેલ છે, ફરિયાદીએ પોતાનો કેસ સાબીત કરેલ હોય આરોપીને બે વર્ષની સજા તેમજ ડબલ રકમનો દંડ અને ફરિયાદીને વળતર અપાવવા વિનંતી કરી છે.

**<u>આરોપી તરફે મૌખિક દલીલનુ સંક્ષિપ્ત માં વર્ણન-</u>**

(૬) આરોપી તરફે વિ.વકીલશ્રીની દલીલ છે કે, સીકયુરીટીના ચેકનો દુરઉપયોગ કરેલ છે, રકમ વ્યાજે આપેલી તેથી તે વખતે કોરો ચેક લીધેલો અને તેથી આંક-૨૫ અને ૨૬ વાળી પ્રોમીસરી નોટ થયેલી તે હકીકત છુપાવેલી છે, ફરિયાદીએ ઉધાર માલની ખરીદી કરી તથા આરોપીએ રકમ ચુકવીને તમામ રકમ ભરપાઈ કરી દીધી છે, મેજર કોન્ટ્રાડીકશન ઉલટતપાસમાં નોંધાયેલ છે, ફરિયાદીએ મહત્વની હકીકત અને દસ્તાવેજો છુપાવેલા છે તેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરી છે.

(૭) આ કેસના યોગ્ય ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના **મુદાઓ** ઉપસ્થિત થયેલ છેઃ-

**<u>મુદાઓ</u>**

(૧) શું ફરીયાદી નિઃશંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદીને હાથઉછીની બાકી રકમ ચુકવવા માટે થઈને ફરિયાદ વાળો ચેક ઈસ્યુ કરેલ અને તે ચેક અપુરતા ભંડોળના શેરા સાથે પરત ફરતા તેની ડીમાન્ડ નોટીસ આરોપીને આપતા તેમ છતાય તે મુજબ પાલન

નહી કરતા હકુમત ધરાવતી આ અદાલતમાં સમયમર્યાદામાં ફરિયાદ કરી હોય આરોપીએ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટએકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે:

૧. **નકારમાં**

૨. આખરી હુકમ મુજબ

**<u>બીન તકરારી બાબત</u>**

(૯) ચેક આરોપીના ખાતાનો છે અને તેમા આરોપીની સહી છે.

(૧૦) **ચેક રીર્ટનના કેસની કાયદાકીય લાગુ પડતી મહત્વની જોગવાઈઓ–ખાસ કરીને હાલના કેસમાં**

**138. Dishonour of cheque for insufficiency, etc**., of funds in the account.—Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for 4 [a term which may be extended to two years'], or with fine which may extend to twice the amount of the cheque, or with both: Provided that

nothing contained in this section shall apply unless— (a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier; (b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice; in writing, to the drawer of the cheque, 5 [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and (c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice. Explanation.—For the purposes of this section, "debt of other liability" means a legally enforceable debt or other liability

Honourable Supreme Court of India

Basalingappa vs. Mudibasappa (AIR 2019 SC 1983)

**23.** We having noticed the ratio laid down by this Court in avove cases on Sections the principles enumerated by this Court in following manner :-

(i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or oher liability.

(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record

by the parties but also by reference to the circumstances upon which they rely.

(iv) That ir is not necessary for the accused to come in the witness box in support of his defence, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden.

(v) It is not necessary for the accused to come in the witness box to support his defence.

**<u>હાલના કેસની સ્થિતી–</u>**

(૧૧) હાલના કેસ માં ચેક આરોપી ના ખાતા નો છે અને તેમા આરોપી ની સહી છે તેથી પુરાવો નો પ્રથમ બોજો આરોપી ના શીરે જ રહેલો છે. આરોપી એ પુરાવો પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીઝની માત્રાનો રજુ કરવાનો છે. તેના માટે આરોપીએ વિટનેસ બોક્ષમાં આવવાની જરુર નથી. આરોપીએ ફરીયાદીએ રજુ કરેલા પુરાવા, કેસના સંજોગો પર પણ આધાર રાખી શકે છે. પરંતુ આવો રીબર્ટલ પુરાવો આરોપી તરફેથી જ રજુ કરવાનો છે.

Honourable SUPREME COURT OF INDIA 2022 (0) AIJEL-SC 68346

હાલના કેસમાં પ્રુડન્ટ મેનનો સિધ્ધાંત ધ્યાને લેવો જરૂરી હોય તેથી અત્રે નામદાર સર્વોચ્ચ અદાલતના શબ્દો પ્રસ્તુત કરેલ છે.

**17.** What is important for the court is the conclusion on the basis of existence of a fact by analysing the matters before it on the degree of probability. The entire enactment is meant to facilitate the court to come to an appropriate conclusion in proving a fact. There are two methods by which the court is expected to come to such a decision. The court can come to a conclusion on the existence of a fact by merely considering the matters before it, in forming an opinion that it does exist. This belief of the court is based upon the assessment of the matters before it. Alternatively, the court can consider the said existence as probable from the

perspective of a prudent man who might act on the supposition that it exists. The question as to the choice of the options is best left to the court to decide. The said decision might impinge upon the quality of the matters before it.

**18.** The word "prudent" has not been defined under the Act. When the court wants to consider the second part of the definition clause instead of believing the existence of a fact by itself, it is expected to take the role of a prudent man. Such a prudent man has to be understood from the point of view of a common man. Therefore, a judge has to transform into a prudent man and assess the existence of a fact after considering the matters through that lens instead of a judge. It is only after undertaking the said exercise can he resume his role as a judge to proceed further in the case.

## પુરાવાનુ મૂલ્યાંકન અને કારણો

**સપ્રેસન ઓફ મટીરીયલ ફેકટ, મેજર કોન્ટ્રાડીકશન, પ્રોબેબલ ડીફેન્સ.**

(૧૨) કેસ મુજબ બે લાખ રૂપિયા મિત્રતાના સબંધમાં નોટીસ આપી તેના આશરે એકાદ વર્ષ પહેલા આરોપીને રોકડા હાથઉછીના આપેલા. તે પ્રમાણે ચેક રીર્ટનની નોટીસ તા.૦૮/૧૧/૨૦૨૪ ના રોજની હોય તેના એક વર્ષ અગાઉ ગણતા નવેમ્બર–૨૦૨૩ માં રકમ આપી હોય તેવું અનુમાન થાય. ઉલટતપાસમાં શરૂઆતમાં આરોપી સાથે કોઈ લખાણ થયેલ નથી તેવી હકીકત ફરિયાદીએ જણાવેલી. અને પછી આગળ સ્પેશીફીક પ્રોમીશરી નોટ અંગે પોતાની અને આરોપી વચ્ચે થઈ છે કે નહી તેની ખબર નથી તેવી હકીકત જણાવેલી. તેના પછી આરોપીપક્ષેથી આંક–૨૫ અને ૨૬ વાળા દસ્તાવેજ રજૂ થયેલ. તે બંન્નેય દસ્તાવેજ આ કામના ફરિયાદી અને આરોપી વચ્ચે અલગ–અલગ તારીખના રોજ થયેલ પ્રોમીસરી નોટ બાબતનું લખાણ છે. અને આ બંન્નેય દસ્તાવેજ ફરિયાદીને બતાવતા ફરિયાદીએ પોતાની સહી ઓળખાવેલી છે. આમ ફરિયાદી માનસિંગભાઈ દ્વારા સૌપ્રથમ આરોપી સાથે લખાણ થયેલાની હકીકત ઈન્કારી, પછી ખબર નથી તેવી હકીકત જણાવી અને આખરે આરોપીએ દસ્તાવેજો રજુ કરતા તેમાં પોતાની સહીઓ ઓળખાવેલી છે. એટલે કે માનસિંગભાઈએ આવા લખાણ થયેલાની હકીકત

સપ્રેસ કરવા પુરતા પ્રયત્નો કરેલ છે. ફરિયાદી માનસિંગભાઈએ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે ફરિયાદી સાથે આ ચેક વાળો એક જ વ્યવહાર થયેલો છે. એટલે કે તેઓની વચ્ચે બીજો કોઈ વ્યવહાર થયો નથી. પરંતુ આંક–૨૫ અને ૨૬ અલગ–અલગ તારીખના છે અને બંન્ને દસ્તાવેજમાં બે લાખ આરોપી હારૂનભાઈએ ફરિયાદી માનસિંગભાઈ પાસેથી લીધેલા તેવી હકીકત જણાવેલી છે જે વ્યવહારમાં વધુ શંકા ઉત્પન્ન કરે છે. અને તે શંકા એવી કે એક વ્યવહાર થયેલ કે બે વ્યવહાર. અને જો એક વ્યવહાર થયેલ હોય તો આંક–૨૫ અને ૨૬ વાળા દસ્તાવેજ કેમ બે. આવી એકબીજાથી ગંભીર કહી શકાય તેવી મટીરીયલ વિરોધાભાષી હકીકતો રેકર્ડ ઉપર આવે છે. ઉપરાંત આંક–૨૫ વાળા દસ્તાવેજમાં તો હસ્તાક્ષરમાં મહીને સોળ હજાર રૂપિયા વ્યાજ, આઈ.ડી.બી.આઈ.નો કોરો ચેક સહી કરેલાની અને બે લાખનું સાદું લખાણ કરેલાની નોંધ છે. જયારે ફરિયાદમાં માત્ર સબંધમાં રકમ આપેલી તેવી હકીકત જણાવીને ફરિયાદ લાવેલ છે અને આંક–૨૫ માં તેનાથી તદ્દન વિરોધાભાષી મહીને સોળ હજાર વ્યાજ આપવાની નોંધ છે. ભલે આંક–૨૫ અને ૨૬ સાદી નકલમાં છે પરંતુ તેમાં ફરિયાદીએ પોતાની સહી ઓળખાવેલી હોય અસલ દસ્તાવેજની આરોપીપક્ષને જરૂર હોવાનું કહી શકાય નહી. ખાસ કરીને જયારે અસલ ફરિયાદીએ પોતાની પાસે છે કે નહી તેની ખબર નથી તેવો જવાબ આપેલ છે ત્યારે.

ફરિયાદપક્ષે આંક–૧૧ વાળી આરોપીએ જાહેર કરેલી પુરસીસ ઉપર આધાર રાખેલ છે. તે પુરસીસની વિગત એવી છે કે ફરિયાદી આરોપીને બે મહીનાની અંદર પચાસ હજાર રૂપિયા ચુકવશે. તે માત્ર કારણથી આરોપીને ફરિયાદી તરફે બે લાખનું કાયદેસરનું દેવું છે તે હકીકત અનુમાન કરી શકાય નહી. ઉપરાંત અદાલત આ પુરસીસથી સ્વતંત્ર રીતે પુરાવાનું મુલ્યાંકન કરવા પણ બંધાયેલ છે.

આમ, ફરિયાદ મુજબ સબંધમાં વ્યવહાર કરેલ તેનાથી ગંભીર વિરોધાભાષી હકીકત કે વ્યાજે વ્યવહાર થયેલો તેવી હકીકત આંક–૨૫ વાળા દસ્તાવેજથી પ્રોબેબલ જણાતી હોય, એક જ વ્યવહાર હોય તેમ છતાય અલગ–અલગ તારીખના આંક–૨૫ અને ૨૬ વાળા દસ્તાવેજ કેમ થયેલા તે અંગે પણ શંકા હોય અને આ બંન્નેય દસ્તાવેજો મટીરીયલ એવીડન્સ હોય, આ બંન્નેય દસ્તાવેજો પક્ષો વચ્ચે થયેલા તેવી મટીરીયલ ફેકટ ફરિયાદીએ છુપાવેલી હોય અને આંક–૨૭ વાળા ચેકમાં સહીના હસ્તાક્ષરો તથા નામ તથા

શબ્દોમાં લખેલ રકમના હસ્તાક્ષરો અલગ અલગ વ્યકિતના હોવાનું સ્પષ્ટ દેખી શકાતું હોય અને આંક-૨૫ માં સહી કરેલ આઈ.ડી.બી.આઈ.નો કોરો ચેક આપેલ તેવી હકીકત હસ્તાક્ષરમાં નોંધાયેલી પણ હોય આરોપીપક્ષનો બચાવ કે કોરા ચેકનો દુર ઉપયોગ કરેલ છે તે પ્રોબેબલ જણાતો હોય અને તે રીતે આરોપીપક્ષે પોતાનો ડીફેન્સ પુરવાર કરેલ હોય અને ફરિયાદી પોતાનો કેસ બીયોન્ડ રીઝનેબલ ડાઉટ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નંબર-૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર-૨ અંગે નીચે મુજબનો આખરી આદેશ પસાર કરવામાં આવે છે.

## :: આખરી આદેશ ::

૧. આ કામના આરોપી હારૂનભાઈ અબ્દુલકરીમ નાખવા, રહે. વેરાવળ, ઠે. બારકોટ જુની મામલતદાર ઓફીસ, વેરાવળ, તા.વેરાવળ, જી.ગીર-સોમનાથ વાળાને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબના ગુનામાં બી.એન.એસ.એસ. ની કલમ-૨૭૮(૧) હેઠળ આ કેસમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીએ બી.એન.એસ.એસ. ની કલમ-૪૮૧ મુજબ અપીલ અદાલતમાં હાજરી સીકયોર થવા રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી રકમના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજ તારીખ ૨૭મી, જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૨૭ / ૦૭ / ૨૦૨૬
સ્થળઃ-વેરાવળ.

**(પ્રીતેશ ઉપેન્દ્રકુમાર અંધારિયા )**
ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ, વેરાવળ.
ગીર સોમનાથ
યુઆઈડી નંબરઃ (GJ01119)

Nikhila, P.A. (Guj.Steno.)